॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૯ માર્ચ એપ્રિલ ૧૯૮૯ અંક ૪

## વાલીઓને,

નારગોલની શિક્ષણ સંસ્થા નવસર્જન એકેડમિ ઑફ ઇન્ટિગ્રલ એજ્યુકેશનના નિયામકશ્રી ગોવર્ધનભાઇ દવે સંપાદિત "મીરાં"ની અમારા નારગોલના નિવાસ દરમ્યાન શ્રી ગોવર્ધનભાઇએ આપી ત્યારે જ રસપૂર્વક તે વાંચી ગયો અને આ કૃતિ નૃત્યનાટિકાના સ્વરૂપમાં ખૂબ જ સફળ થાય તેવું લાગ્યું.

પ્રાથમિક વિભાગના સાવ નાના બાળકોને આ જવાબદારી સોંપવી કે કેમ તે અંગે થોડો અંદેશો મનમાં રહેતો હતો. આ કૃતિ ટાગોર હોલમાં રજુ થઇ બાદ આવી બીક સાવ અકારણ હતી તે જોઈ ખૂબ જ આનંદ થયો.

બાળકોમાં તો અખૂટ શક્તિ રહેલી છે પરંતુ તેને બહાર લાવવામાં સૌ કાર્યકર મિત્રોએ જે ધગશથી અને ઉત્સાહથી મન મૂકીને કાર્ય કર્યું તેને મૂલવવું મુશ્કેલ છે. સમયની ગણતરી સિવાય સમગ્ર કાર્યકર મંડળ તેને સફળ કરવામાં લાગી ગયું હતું. શ્રીમતિ પ્રિતીબેન તો આવા કાયક્રમ પાછળ પોતાની પૂરતી શક્તિ આપે છે, પિતાશ્રીનો બહુ મૂલ્ય વારસો તેમને આ ક્ષેત્રમાં મળ્યો છે, તેનો અનુભવ સતત થતો રહે છે. શ્રીમતિ ઉર્મીબેન, શ્રીમતી જયશ્રીબેન, શ્રી પ્રતિમાબેન અને સહુ સંગીતવૃંદ તથા સૌ કાર્યકર મિત્રોનો સહકાર ખૂબજ ઉપકારક બને છે. જરૂર હોય ત્યારે અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અમારી પડખે આવીને ઉભા રહે છે. ભાઇશ્રી મનિષ, શ્રી કાર્તિક તથા બેન આનતી અને વિનતીએ પાર્શ્વસંગીત આપીને તથા કાર્યક્રમનું સફળ સંકલન કરી શ્રી દિપાલી વસાએ કાર્યક્રમને સર્વાંગ સુંદર બનાવ્યો.

આ બધીજ અનુકૂળતા છતાં જો આવા કાર્યક્રમોમાં વાલીઓનો સહકાર ન હોયતો તેને કોઈ સફળતા ન મળે તેમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી, અમને અત્યંત સંતોષ છે કે અમારી અપેક્ષા કરતાં પણ ખૂબજ વધારે સહકાર આવા કાર્યક્રમોમાં વાલીઓનો મળે છે. આ પ્રસંગે આવા સહકાર બદલ વાલીઓને અભિનંદન આપતાં અને આભાર માનતાં હું ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું.

ફરીથી નવસર્જન એકેડમિ ઓફ ઈન્ટિગ્રલ એજ્યુકેશન નારગોલના નિયામકશ્રી ગોવર્ધનભાઈ દવેનો આભાર માની વિરમું છુ.

**દિનુભાઈના વંદન**

## વસમી વિદાય

વીતી ગયા એ દિવસો મઝાના,
રહી ગયા સ્મરણો એ દિનોના,
કહી જે શાળાને નિજ માતૃધામ
અર્પ્યા જેણે શિક્ષણ સંસ્કાર,

છોડતાં આજે એ માતૃધામ,
લાગે છે એ વસમી વિદાય,
જીવનનાં એ બાલ્યકાળથી જેણે
સિંચી લાગણી અમ હૃદયમાં,

આજે એને છોડતાં,
હૃદયવ્યથા સહેવાય ના
લાગે દુઃખ દિલમાં ઘણું ને,
વંટોળ જાગે મુજ લાગણીમાં,

અશ્રુ ઉભરાય મુજ ચક્ષુમાં છતાં,
કહેવાય ના કાંઈ મુખથી આ,
વંદન કરીએ વિદાય લેતાં
વિનવું મુજ ગુરુ ને આજ,

દુભવ્યું હોય જો દિલને,
તો માફ કરજો આજ.

**માલા ગાંધી (ધો. ૧૨)**

## સંસ્થાનું ગૌરવ

તા. ૫-૩-૮૯નાં રોજ એચ. કે. હોલમાં યોજાયેલ ખાસ સમારંભમાં ભારતીય સંસ્કારધામ સંસ્થા તરફથી સંસ્થાના નિયામક **શ્રી દિનુભાઇને** શ્રેષ્ઠ શિક્ષણકાર તરીકેનો 'સંસ્કાર ભારતી' પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો. સંસ્થા તેની નોંધ લેતાં આનંદ અને ગૌરવ અનુભવે છે. આ પ્રસંગને અનુલક્ષીને ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વાલી **શ્રી અતુલભાઇ ભટ્ટનો** પ્રતિભાવ રજૂ કરું છું.

"મા શારદાનાં બગીચાનાં મઘમઘતાં ફૂલો, તેનું જતન કરનાર માળીઓ તથા સુગંધી પુષ્પોને નિરખી જેનાં હૈયા હરખાય, મન હિલોળા લે તેવા આપ્તજનો,

આ બાગબાનનાં અધિક્ષક એવા વટવૃક્ષને એચ. કે. હોલમાં, સારાય ગુજરાતમાં ઉચ્ચ શૈક્ષણિક કાર્ય માટે ભારતીય સંસ્કારધામ તરફથી સન્માનપત્ર પ્રદાન કરવામાં આવ્યું છે, તે આપણે સૌને માટે ગૌરવનો વિષય છે. શારદાનાં બગીચાનાં પુષ્પોને વધાવવા, ખીલવવા ઈશ્વર તેમને તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે તેવી અભ્યર્થના"

## મારો એકરાર

**સંસ્થામાં યોજાયેલ શિક્ષક દિન માટે વિદ્યાર્થીઓનાં પ્રતિભાવો :-**

"શાળામાં વિદ્યાર્થી બધી જ જવાબદારી ઉપાડતાં શીખે તે હેતુથી સ્વયંશિક્ષણદિન ઉજવાય છે. નાનપણમાં ઘર-ઘરની રમત રમતાં ત્યારે અનેકવાર શિક્ષક અને વિદ્યાર્થીની રમત પણ અમે રમતાં, અને ત્યારે શિક્ષક એટલે વિદ્યાર્થીઓ પર હુકમો કરવાની પરવાનગી ધરાવતી જ વ્યક્તિ તેવું અમે માનતાં હતાં. પરંતુ આ દિવસની ઉજવણીથી શિક્ષકના મુશ્કેલ કાર્યનો સાચો ખ્યાલ અમને આવ્યો.

**કોમલ બોડીવાલા** [૭ अ]

"આમ તો મોટા ભાગનાં લોકો આ ધંધાની નિંદા કરતાં હોય છે, તેની હાંસી ઉડાવતાં હોય છે, પણ મને આજેજ ખ્યાલ આવ્યો કે શિક્ષક કેટલી મોટી જવાબદારી સંભાળે છે.! કયારેક માબાપનું પણ ન માનનાર વિદ્યાર્થી શિક્ષકને અધીન બની જઇ તેનું ચારિત્ર્ય કેળવી શકે છે.

**ખુશ્બુ શાહ** [૭ क]

"હું વર્ગમાં દાખલ થઈ ત્યારે નાના ફુલ જેવા કુમળાં બાળકોને જોઈ મારી ભણાવવાની જીજ્ઞાસા ઉત્કટ બની. નાનાં બાળકો પણ શિસ્ત પાળી મને સંપૂર્ણ સહકાર આપતાં હતાં, ને તે પરથી મને અમારી શાળાની શિસ્તનું ગૌરવ સમજાયું."

**પાયલ પંડયા** [૭ त्र]

"પોતાને જ્ઞાન આપનાર ગુરુનું સ્થાન લેવું એ મારે માટે એક આનંદની પળ હતી. અમારા શિક્ષકો અમારા માટે કેટલી મહેનત કરતાં હતા તેનો ખ્યાલ આવ્યો."

**દર્શિની પરીખ** [૭ ब]

"શિક્ષક બની સમાજ અને દેશની સેવા કરવાની તક નસીબદારને જ પ્રાપ્ત થાય છે. મને એ તક મળે તો હું સમાજ અને દેશની પૂરી લગનથી સેવા કરીશ."

**પાયલ અખ્યા** [૭ अ]

"એ દિવસે મેં પહેલી જ વાર અનુભવ્યુ કે શિક્ષકને કેટલો શ્રમ પડતો હશે. મને સમજાયુ કે અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષક છે.

**સેજલ દલાલ** [૭ अ]

"બધાં ય કામોમાં સૌથી કપરુ કામ વર્ગને શાંત રાખવાનું હતું, ઉપરાંત કોઇને ય કંટાળો ન આવે તે રીતે ભણાવવું તે પણ એટલું જ મુશ્કેલ હતું; મને વિદ્યાર્થીઓએ જો સહકાર આપ્યો ન હોત તો હું આ કામ આટલું સારી રીતે પાર પાડી શકી ન હોત.

**સારિકા ગાંધી** [૭ अ]

## સંસ્કૃતિ વિનિમય કાર્યક્રમ

શાળામાં ચાલતી ઇન્ટરેકટ કલબના ઉપક્રમે તા. ૨-૨-૮૯ થી ૭-૨-૮૯ સુધી મુંબાઈની ઈન્ટરેકટ કલબ ઓફ સરલા સર્જન સાથે સંસ્કૃતિ વિનિમય કાર્યક્રમ યોજાયો. જેમાં ધો. ૮ અને ધો. ૯ના અગીયાર વિદ્યાર્થી ભાઈબહેનો શ્રી ઊર્મિલાબેન શાહ અને શ્રી કુમુનભાઈ શાહની રાહબરી નીચે મુંબાઈ ગયાં. આ કાર્યક્રમ અંગે વિદ્યાર્થી ભાઇબહેનોનાં પ્રતિભાવો અત્રે રજૂ કરું છું.

"આપણી શાળામાં ચાલતી 'ઈન્ટરેકટ કલબ' તેની પ્રવૃત્તિને કારણે, વિદ્યાર્થીઓ માટે પ્રગતિ અને પ્રવૃત્તિનું સોપાન બની રહે છે. ઇન્ટરેકટ કલબ એટલે વ્યક્તિત્વ ઘડતરનું વિશાળ અને આદર્શ ક્ષેત્ર, તેમાં અમને અનેક અનુભવોમાંથી ઘણું શીખવાનું મળે છે.

આ વર્ષે યોજાયેલા આ સંસ્કાર વિનિમય કાર્યક્રમમાંથી અમને સામેની વ્યક્તિના ગુણોને બિરદાવી તેને પ્રોત્સાહિત કરી, તે ગુણો અપનાવવાની તક મળી. સામી વ્યક્તિને અનુરૂપ થઇ કેવા મહેમાન બનવું તેની પ્રતિતી થઈ વ્યક્તિનાં અંગત જીવનઘડતર ઉપરાંત ત્યાં ફરતાં અને વિવિધ સ્થળોની મુલાકાત લેતા અનુભવ્યું કે આપણે કેટલા નાના વર્તુળમાં જીવીએ છીએ. 'નહેરુ પ્લેનેટેરિયમ'માં બ્રહ્માંડ અને આકાશગંગાનુ દર્શન યાદગાર બની રહ્યું, જ્યારે 'નહેરુ સાયન્સ સેન્ટર'માં' જુદા જુદા સાધનો અને પ્રયોગો દ્વારા પ્રત્યક્ષ થતી વૈજ્ઞાનિક માહિતી ચિરઃસ્મરણીય બની રહી."

**કશ્યપ અવાશિયા** (૯ अ)

"આવા કાર્યક્રમોમાંથી જુદા જુદા કુટુંબો સાથે સંબંધ બાંધી શકાય છે. તેમનાં રીતરિવાજો, ટેવો, સંસ્કાર, અને રહેણીકરણીનો પ્રત્યક્ષ પરિચય થાય છે. તેમાંથી ઘણું અપનાવી શકાય છે. આવા કાર્યક્રમ કિશોરાવસ્થાથીજ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાના બીજ રોપે છે"

**રચના પટેલ** (૮ ब)

"આ કાર્યક્રમથી અમદાવાદ અને મુંબાઇનાં ગુજરાતી કુટુંબો વચ્ચે જે સાંસ્કૃતિક તફાવત છે તેનો અનુભવ થયો. મુંબાઈનું જીવન ઝડપી અને તણાવવાળું હોવા છતાં જીવન પ્રત્યેની ગંભીરતા અહીં કરતાં ત્યાં ઓછી જોવા મળી. આપણા કરતાં ત્યાંની સામાજિકતા ઘણી લાગી, ને લોકો સાંજનો સમય તો લોકોને હળવા મળવા અને આનંદ પ્રમોદમાં જ વિતાવતા હોય છે, તેવું જોવા મળ્યું. અજાણ્યા માણસો સાથે વિશ્વાસ કેળવીને જીવવાની તાલીમ આ કાર્યક્રમમાં અમને મળી."

**વૈશાલી રાવલ** (૮ ब)

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

૨૮–૧–૮૯ને શનિવારે તાલીમ મંડળીના બાળકોની વેશભૂષા હરીફાઈ યોજવામાં આવી, જેમાં બાળકોએ ખૂબ સરસ રજૂઆત કરી.

તા. ૬ અને ૭ ફેબ્રુઆરીનાં રોજ બાલમંદિરનાં બાળકોનો વિશાલા–પ્રવાસ યોજાયો. નાના બાળકોએ ધાતુપાત્રોનું પ્રદર્શન, કઠપૂતળીનો ખેલ અને મદારીનો ખેલ નિહાળી ખૂબ આનંદ માણ્યો, બાળકોને વિશાલાનાં વ્યવસ્થાપકોએ ફરકડીની ભેટ સાથે પ્રેમભરી વિદાય આપી

તા. ૯–૨–૮૯ને ગુરૂવારે તાલીમ મંડળીના બાળકોની ચિત્ર હરીફાઈ યોજવામાં આવી.

તા. ૪થી અને ૫મી માર્ચે તાલીમ મંડળીના બાળકોનો ગાંધીનગરનો પ્રવાસ યોજવામાં આવ્યો. બાળકોએ આમ્રકુંજ ગાર્ડનમાં ટ્રોયટ્રેન તથા બોટીંગની સહેલ માણી, ડીયર પાર્કની મુલાકાત લઈ સરિતાઉદ્યાનમાં ખૂબ રમ્યાં, બપોરે સુખડી અને સેવનો નાસ્તો કર્યો. રાતે બાલસભા ભરી સૌ થાકયા પાકયા ઊંઘી ગયા.

બીજે દિવસે વહેલી સવારે સૌ હસતાં રમતાં જાગ્યાં. નિત્યક્રમથી પરવારી દૂધ સાથે વટાણા પૌંઆનો નાસ્તો કરી અક્ષરપુરૂષોત્તમ ધામની મુલાકાતે ગયા. પાછાં વળતાં આમ્રકુંજનાં ક્રિડાંગણમાં ખૂબ રમ્યાં. ઉતારે આવી ટી. વી. પર મહાભારત જોયું અને બપોરે શીરો, પૂરી, ગોટા વિ. પેટ ભરીને જમ્યાં. બપોરનાં વિશ્રામ બાદ ઘેર આવવા નીકળ્યા. આખા પ્રવાસની સફળતા એ છે કે બાળકોને ઘર યાદ આવ્યું નથી. કોઈને વિશિષ્ટ પ્રકારની માવજત આપવી પડી નથી. સૌએ આનંદ કિલ્લોલ કર્યો.

શેઠ ચંદુલાલ માધવલાલ સંચાલિત હાઈસ્કુલના ટ્રસ્ટી શ્રી ધનાભાઈ તથા પ્રિન્સીપાલ શ્રી પ્રભુભાઈ તથા શ્રી જગદીશભાઈ, જયંતભાઈ અને રમેશભાઈએ ઉતારાની અમને જે સગવડ કરી આપી તે બદલ અમે તેમના આભારી છીએ. નવભારત ટ્રાવેલ્સે પણ વાહન માટે જે સગવડ આપી તે માટે અમે તેમના ઋણી છીએ.

## શિશુ મંદિર

**રમતોત્સવ :–** ૨૦–૧–૮૯નાં રોજ ધોરણ ૧ થી ૪ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં મૂર્તિ, આંધળો પાટો દોડ, લીંબુ ચમચો, સંગીત ખુરશી, દોરડાકૂદ, ટનલ રીલે, સોયદોરો વગેરે રમતો યોજાઈ.

તા. ૧–૨–૮૯નાં રોજ ધો. ૫ થી ૭ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં ખડો લંગડી, લોંગ જમ્પ, જમ્પ એન્ડ રીચ, દોડ, વોલીબોલ, થ્રો બોલ, ડોઝબોલ, વિ. રમતો યોજાઈ.

આ ઉપરાંત બીજી રમતોની પણ સ્પર્ધાઓ યોજાઈ.

**કેરમ સ્પર્ધા :– ૭–૨–૮૯**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : સલિલ શેઠ | (૬ બ) | ધવલગિરિ |
| **દ્વિતીય** | : મૌલિક શાહ | (૭ क) | મેઘનાદ |
| **તૃતીય** | : કિંજલ રૂપારેલિયા | (૭ બ) | ગંગોત્રી |

**ચેસ સ્પર્ધા :– ૯–૨–૮૯**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : આશિષ વ્યાસ | (૬ अ) | ગંગોત્રી |
| **દ્વિતીય** | જગત ભાવસાર | (૭ अ) | મેઘનાદ |
| **તૃતીય** | : દર્શ દવે | (૭ अ) | ધવલગિરિ |

**ટેબલ ટેનિસ :– ૧૪–૨–૮૯**

| | | | |
|---|---|---|---|
| **પ્રથમ** | : વિશાલ પરીખ | (૭ अ) | રત્નદીપ |
| **દ્વિતીય** | : મેહુલ શાહ | (૬ બ) | રત્નદીપ |
| **તૃતીય** | : દિપલ શાહ | (૭ બ) | મેઘનાદ |

**વક્તવ્ય :**

તા. ૨૨–૨–૮૯ શ્રી કસ્તુરબા ગાંધી
તા ૨૫–૨–૮૯ શ્રી રવિશંકર મહારાજ
તા. ૨૭–૨–૮૯ શ્રી ચંદ્રશેખર આઝાદ વિષે વક્તવ્યો યોજાયાં.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :–**

તા. ૬–૩–૮૯નાં રોજ ટાગોરહોલમાં સવારે ૯–૩૦ વાગે તથા રાત્રે ૮–૦૦ વાગે 'મીરાં' નૃત્યનાટિકા રજૂ કરવામાં આવી. આખોય કાર્યક્રમ ખૂબ સફળ નીવડયો. મીરાનાં ભજનો તથા ધૂનો દિલ ડોલાવે તેવી રીતે શાસ્ત્રીય રાગોમાં રજૂ થયાં. નાની મીરાંની ભૂમિકામાં કુ. નિયતી મહેતા અને મોટી મીરાંની ભૂમિકામાં કુ. કાનન બુચનો અભિનય અદ્વિતીય રહ્યાં. નૃત્યનાટિકા ભજવવાની પરવાનગી આપવા બદલ નવસર્જન એકેડમી ઓફ ઇન્ટિગ્રલ એજ્યુકેશનની આપણી સંસ્થા ઋણી છે. સ્વર નિયોજન માટે શ્રી પ્રતિમાબેન તથા શ્રી પુરાણી, નૃત્ય નિર્દેશન માટે શ્રી પ્રીતીબેન મહેતા, સ્વરકાર તરીકે સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી આનતી શાહ, શ્રી વિનતી શાહ શ્રી કાર્તિકેય શોધન, શ્રી મનિષ શાહ, તથા કાર્યકર સંજયભાઈ શુકલ અને પ્રવક્તા તરીકે સેવા આપવા બદલ ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી દિપાલી વસાને ધન્યવાદ. સારાય કાર્યક્રમને સફળ બનાવનાર સૌ વિદ્યાર્થીઓ વાલીઓ તથા શિક્ષક ભાઈબહેનો તરફ આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

## અભિનંદન

૧૯૮૮માં યોજાયેલ સિયોલ આર્ટ ફેસ્ટીવલ ની ઓલમ્પિક આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં સર્ટીફીકેટ ઓફ મેરીટ મેળવવા બદલ અર્પી સ્નેહલભાઈ શાહ તથા

સર્ટીફીકેટ મેળવવા બદલ અર્પીત મયૂરભાઈ શાહને અભિનંદન.

કેમલ કલર યોજીત ચિત્રસ્પર્ધામાં અર્પી શાહ (૩અ), કોમલ બોડીવાલા (૭અ), અદિતિ શાહ (૨અ) રાજીક ઝવેરી (૧ब), અભિજિત મુન્શી (૧ब), પાર્થ પટેલ (૧) રૂપલ હરિભક્તિ (૫અ), ચાર્મી પટેલ (૧). વિજેતા નિવડયાં છે તે માટે તેમને અભિનંદન.

રોટરી કલબ આયોજીત ચિત્રસ્પર્ધામાં વિજેતા નિવડતાં સાગર શાહ (૫ ब) અર્પી શાહ (૩ अ) કોમલ બોડીવાલા (૭ अ) નિલય શાહ (૩ ब) રાજીક ઝવેરી (૧ ब) માસુમ પટેલ (૩ क) રાજસી શેઠ (૩ क) ને અભિનંદન

ગુજરાત રાજ્ય લલિત કલા એકેડમીની ચિત્ર-સ્પર્ધામાં સપન ભૂપેન્દ્રભાઈ (૧अ)ને ઈનામ મેળવવા બદલ અભિનંદન

નોર્થ અમદાવાદ જેસીસ આયોજીત નોન સ્ટોપ સ્કેટીંગ સ્પર્ધામાં ૫૧ કલાક સુધી સતત સ્કેટીંગ કરી પ્રથમ આવવા માટે સર્ટીફીકેટ અને શિલ્ડ મેળવતી કુ. આમ્રપાલી પટેલ (૪ क) ને અભિનંદન.

**પ્રવાસ :–**

| | |
|---|---|
| તા. ૮–૧–૮૯ | ધો. ૬ બહેનો ધોળકા |
| તા. ૧૨–૧–૮૯ | ધો. ૭ વિશાલા |
| તા. ૧૧ અને ૧૨–૨–૮૯ | ધો. ૬ના ભાઈઓ અભયારણ્ય |
| તા. ૧૬–૨–૮૯ | ધો. ૭ ભાઈઓ સાલડી |
| તા. ૧૯–૨–૮૯ | ધો. ૭ બહેનો સાલડી |

તા. ૧૧–૧–૮૯નાં રોજ સ્વયં શિક્ષણ દિન ઉજવાયો.

તા. ૩૦–૧–૮૯ ગાંધી નિર્વાણદિન નિમિત્તે ધૂન, ભજનો, અને પૂ. ગાંધીજીનાં જીવન પ્રસંગોની નાટય રૂપે રજૂઆત કરવામા આવી તથા પૂ. ગાંધીજીનાં જીવન પ્રસંગો વિદ્યાર્થીઓએ સુંદર રીતે રજૂ કર્યા.

તા. ૧૮–૩–૮૯ના રોજ બાળકોએ હોળી ઉત્સવ ઉજવી, ગુલાલથી હોળી રમ્યા.

## વિનયમંદિર

તા. ૨–૨–૮૯નાં રોજ કવિશ્રી માધવરામાનુજે ધો. ૧૧ના વિદ્યાર્થીઓ સમક્ષ 'કાવ્યતત્વ' વિષે વ્યાખ્યાન આપ્યું તથા પોતાનાં કેટલાક કાવ્યોનુ પઠન પણ રસમય રીતે કર્યું.

૧૪–૨–૮૯નાં રોજ ગુજરાતીના પાધ્યાપક પ્રો. નટુભાઇ પટેલે 'કલ્પનાનું જગત' વિષય ઉપર સુંદર ઉદાહરણો સાથે તેમનું વક્તવ્ય રજૂ કર્યું.

૯–૨–૮૯નાં રોજ ધો. ૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો. પ્રાર્થના, ભજન અને ગુલાબપ્રદાન પછી મુખ્ય શિક્ષક **શ્રી** દેવેન્દ્ર-ભાઈએ તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભાશિષો પાઠવી અલ્પાહાર લઇ સૌ છૂટાં પડયાં.

તા. ૨૪, ૨૫ જાન્યુઆરીનાં રોજ ધો. ૮ અને ૯નાં વિદ્યાર્થીભાઈ–બહેનો માટે તથા તા. ૨૦મી ફેબ્રુ-આરીનાં રોજ ધો. ૧૧નાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે રમતોત્સવ ઉજવાઇ ગયો.

**આંતરગૃહ સ્પર્ધાઓ –:**

**સુગમ સંગીત સ્પર્ધા :– ૧–૨–૮૯**

| | | |
|---|---|---|
| પ્રથમ – | રીતુ પટેલ | [ચંદ્રમૌલિ] |
| | અનાર કઠીયારા | [ગીતગોવિંદ] |
| દ્વિતીય – | કવિતા દેસાઈ | [ગીતગોવિંદ] |
| | દીતિ શેઠ | [પદ્મપુકુર] |
| તૃતીય – | ચિન્મયા મહેતા | [ચંદ્રમૌલિ] |
| | ઋચા પાઠક | [મેઘદૂત] |

**વકતૃત્વ સ્પર્ધા :– ૨૧–૧૨–૮૯**

| | | |
|---|---|---|
| પ્રથમ – | જાનકી શાહ | [મેઘદૂત] |
| દ્વિતીય – | નિરજ શોધન | [મેઘદૂત] |
| તૃતીય – | પિંકી શુકલ | [ચંદ્રમૌલિ] |

**ચિત્ર સ્પર્ધા :– ૧૧–૨–૮૯**

| | | |
|---|---|---|
| પ્રથમ – | સિરાલી મુન્શી | [મેઘદૂત] |
| દ્વિતીય – | ક્રિશ્ના દેસાઈ | [ચંદ્રમૌલિ] |
| તૃતીય – | નિલેશ રાણપુરા | [ચંદ્રમૌલિ] |

**નિબંધ સ્પર્ધા :–**

| | | |
|---|---|---|
| પ્રથમ – | નીરવ શાહ | [ચંદ્રમૌલિ] |
| | સજની દલાલ | [ગીતગોવિંદ] |
| દ્વિતીય – | જયુલ ભટ્ટ | [ગીતગોવિંદ] |
| | કશ્યપ અવાસિયા | [મેઘદૂત] |
| તૃતીય – | મેઘના કાપડીયા | [પદ્મપુકુર] |

**અભિનંદન :–**

ચિ. ચાંદની પટવા (૯ ब) એ **૨૧–૧૨–૮૮** તથા ૨૫–૧૨–૮૮નાં રોજ યોજાયેલી નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં પાંચ સુવર્ણચંદ્રક અને ટ્રોફી તથા સ્પીડ ટ્રોફી મેળવે છે તે બદલ અભિનંદન.

**ઈન્ટરેકટ કલબ :–** તા. ૨ થી ૭ ફેબ્રુઆરી સુધી ઈન્ટ-રેકટ કલબનાં અગીયાર વિદ્યાર્થી ભાઇબહેનોએ મુંબ.ઈની 'સરલા સર્જન' સ્કુલનાં વિદ્યાર્થીઓ સાથે ઇન્ટરએક્ષેન્જ કાર્યક્રમમાં ભાગ લીધો ને મુંબાઇની મુલાકાતે ગયા.

## ઉનાળુ વેકેશન

**તા. ૧૧–૫–૮૯ થી ૧૪–૬–૮૯ સુધી વેકેશન રહેશે.**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર,
મુદ્રણ સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦૦૦૭